-૨૯૬

સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો.

જાહેર કરેલ જ્ઞાતિઓ/પેટા જ્ઞાતિઓની સ્પષ્ટતા તેમજ જાતિ પ્રમાણપત્ર આપવા બાબત.

ગુજરાત સરકાર,
સમાજકલ્યાણ વિભાગ,
ઠરાવક્રમાંક:સશપ/૧૧૯૪/૧૬૦૯/અ,
સચિવાલય,ગાંધીનગર.
તારીખ:૨૬/૮/૯૪.

વંચાણે લીધા:

૧. મજુર,સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા:૧/૪/૭૮ના ઠરાવક્રમાંક:બીસીઆર/૧૦૭૮/૧૩૭૩૪/હ.
૨. મજુર,સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા:૧/૪/૭૮ના ઠરાવક્રમાંક:બીસીઆર/૧૦૭૮/૨૨૪૫૮/હ.
૩. મજુર,સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા:૨૬/૬/૭૮ના પરિપત્ર ક્રમાંક:બકર/૧૪૭૮/મ.૩૨૯૭/હ.
૪. મજુર,સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા:૧૫/૨/૭૯ના ઠરાવક્રમાંક:બીસીઆર/૧૦૭૮/૨૪૩૮/૭૯/હ.
૫. મજુર,સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા:૨૬/૩/૭૯ના ઠરાવક્રમાંક:બીસીઆર/૧૦૭૮/૧૬૫૧૩(૭૯)/હ.
૬. મજુર,સમાજકલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા:૫/૩/૮૦ના ઠરાવક્રમાંક:બીસીઆર/૧૦૮૦/ડાયરી-૩૨૧૬/હ.
૭. સમાજકલ્યાણ વિભાગના તા:૩૦/૭/૯૨ના ઠરાવક્રમાંક:સશપ/૧૪૯૨/મ.૧૧૯/અ.
૮. સમાજકલ્યાણ વિભાગના તા:૨૫/૭/૯૪ના ઠરાવક્રમાંક:સશપ/૧૧૯૪/૧૪૧૧/અ.

ઠરાવ:-

રાજ્યના સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગોની યાદી, ઉપરોક્ત વંચાણમાં લીધેલ ક્રમાંક-(૧)ઉપરના તા:૧/૪/૭૮ના તેમજ,ક્રમાંક-(૮) ઉપરના તા:૨૫/૭/૯૪ના ઠરાવથી રાજ્ય સરકારે જાહેર કરેલ છે.આ વર્ગોને શાળા છોડયાના પ્રમાણપત્રમાં લખાયેલ જ્ઞાતિ આધારે જાતિ પ્રમાણપત્ર આપવામાં આવે છે.પરંતુ કોઇ વ્યક્તિ ખરેખર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગની જાતિની હોય,પરંતુ તેના શાળા છોડયાના પ્રમાણપત્રમાં કોઇ બીજી જ્ઞાતિ દર્શાવાઈ હોય તો આનુષંગિક પુરાવાઓ મેળવીને ચકાસણી કરીને જાતિપ્રમાણપત્ર

૨.

આપવાની સુચનાઓ,ઉપરોકત વિચારણામાં લીધેલ ક્રમાંક-(૨)થી (૭) પરના ઠરાવોથી બહાર પાડવામાં આવેલ છે.જાતિ પ્રમાણપત્ર આપનાર સક્ષમ અધિકારીને સંતોષ થાય તે મુજબના પુરાવા જેમકે માધ્યમિક શાળાંત પરીક્ષાનું પ્રમાણપત્ર,જન્મ નોંધણી અંગેનો દાખલો,કુટુંબના માતા-પિતાએ જાતિ પ્રમાણપત્ર મેળવેલ હોય અથવા જે તે જ્ઞાતિમાં લગ્ન કરેલ હોય, તેની વિગતો,સોગંદનામુ, ધારાસભ્યશ્રીની ભલામણ, વિગેરે માગી શકે છે અને અરજદારે તે રજૂ કરવાના રહે છે.જરુર જણાયે સ્થળ ચકાસણી કરીને પણ જે તે વ્યકિત ચોકકસ જ્ઞાતિ/વર્ગ/જૂથની હોવા અંગેની સાબિતી મેળવવાની રહે છે.

નવી ઉમેરાયેલ જાતિઓની વ્યકિતઓને પણ તેમના શાળા છોડયાના પ્રમાણપત્રમાં,સામાજિક શૈક્ષણિક પછાતવર્ગની યાદીમાં દર્શાવાયા મુજબના જ્ઞાતિ/વર્ગ/જૂથનો સ્પષ્ટ ઉલ્લેખ નહીં હોવાને કારણે સક્ષમ અધિકારીઓ દવારા જાતિ પ્રમાણપત્ર આપવામાં આવતાં નથી તેવી રજૂઆતો સરકારને મળેલ છે. વ્યકિત ખરેખર સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ તરીકે 'સાચા હકકદાર' ( REAL CLAIMANTS ) હોય પરંતુ શાળા છોડયાના પ્રમાણપત્રમાં સ્પષ્ટપણે જે તે જ્ઞાતિ/વર્ગ/જૂથનો ઉલ્લેખ થયેલ ન હોવાના કારણે તેને જાતિ પ્રમાણપત્ર મેળવવામાં અગવડ ન પડે તે હેતુથી,જાતિ પ્રમાણપત્ર આપવા સક્ષમ અધિકારીઓને આથી નીચે મુજબ સુચનાઓ આપવામાં આવે છે.

(૧) શાળા છોડયાના દાખલામાં/પ્રમાણપત્રમાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની યાદીમાં દર્શાવાયા મુજબની જ્ઞાતિ/વર્ગ/જૂથનો સ્પષ્ટ ઉલ્લેખ કરેલ હોય તો જાતિ પ્રમાણપત્ર તુરત જ આપી દેવું.

(૨) શાળા છોડયાના દાખલામાં/પ્રમાણપત્રમાં ઉપર(૧)માં જણાવ્યા મુજબ ઉલ્લેખ ન હોય તો,પ્રવર્તમાન સુચનાઓ મુજબ આનુષંગિક પુરાવાઓ રજૂ કરવા અરજદારને જણાવવું અને રજુ થયેલ પુરાવાઓની પુરતી ચકાસણી સત્વરે કરીને જાતિ પ્રમાણપત્ર આપવું કે કેમ તે અંગે નિર્ણય લેવો.

(૩) આમ કરતી વખતે નીચે મુજબની સ્પષ્ટતાઓ ઉદાહરણ રૂપે આપવામાં આવેલ છે તે ધ્યાનમાં રાખીને યોગ્ય નિર્ણય લેવો.

૧. ક્રમાંક-૭,બાવા,અતિત બાવા ....... જ્ઞાતિમાં

કેટલાક વિસ્તારોમાં આ જ્ઞાતિમાં સમાવિષ્ટ'રામાનંદી'ને ''રામાનંદી બાવા'' અને ''રામાનંદી સાધુ''તરીકે ઓળખવામાં આવે છે. તેથી આ મુજબની જ્ઞાતિ દર્શાવાઈ હોય તો પણ અન્ય આધાર પુરાવા ઉપરથી ચકાસણી કરીને જાતિ પ્રમાણપત્ર આપી શકાય.

૨. ક્રમાંક ૨૩-અ.લુહારીયા.

'લુવારિયા'લખેલ હોય તો પણ ઉચ્ચારને લીધે આમ લખાયેલ છે તેમ ગણી જાતિ પ્રમાણપત્ર આપી શકાય.

૩. ક્રમાંક-૨૫-અ-ઘાંચી.

ઘાંચી(મુસ્લીમ)હોય તો જાતિ પ્રમાણપત્ર આપવાનું રહે છે.

૪. ક્રમાંક-૨૯-બ,તરીયા-તાઈ.

આ બન્ને જ્ઞાતિઓ મુસ્લિમ છે,જેથી'તરીયા(મુસ્લિમ)અથવા'તરીયા-તાઈ' લખેલ હોય તો સામાજીક,શૈક્ષણિક પછાત ગણી જાતિ પ્રમાણપત્ર આપી શકાય.માત્ર 'તાઈ'લખેલ હોય તો તેમને સામાજીક,શૈક્ષણિક પછાતવર્ગમાં ગણી શકાય નહીં.

૫. ક્રમાંક-૫૩-નટ,નટ-બજાણિયા,બાજીગર,નટડા.

'બજાણિયા'લખેલ હોય તો પણ આ જ ચોકકસ જ્ઞાતિ છે તેમ ગણી જાતિ પ્રમાણપત્ર આપી શકાય.

૬. ક્રમાંક-૬૯-તળપદા-કોળી.

'તરબદા કોળી'લખેલ હોય તો પણ ઉચ્ચારના લીધે આમ લખાયેલ છે એમ ગણી જાતિ પ્રમાણપત્ર આપી શકાય.

૭. ક્રમાંક ૭૨,ઠાકરડા,ઠાકોર,પાટણવાડિયા,ધરાળા,બારૈયા

આ જ્ઞાતિની વ્યકિતઓએ 'પગી',રાઠોડ,ચૌહાણ,ઝાલા,સોલંકી,ચાવડા, ડાભી,ડોઢિયાર,ચોકિયાત,મકવાણા,ગોહિલ,વાઘેલા એવી પેટા જ્ઞાતિ દર્શાવતી અટકો લખેલ હોય છે પરંતુ ક્રમાંક ૭૨ માં દર્શાવાયેલ જાતિઓ

૪.

ઠાકરડા,ઠાકોર,પાટણવાડિયા,ધરાળા,બારૈયાની સાથે એવી પેટાજ્ઞાતિનો ઉલ્લેખ થયેલ હોય તો જાતિ પ્રમાણપત્ર આપી શકાય.

૮.ક્રમાંક:૭૬ વાળંદ,નાથી અને બાબર(હિન્દુ)હજામ,ખલીફા(મુસ્લીમ).

હજામ(હિન્દુ)એમ જ્ઞાતિ લખેલ હોય તો તેને સામાજીક શૈક્ષણિક પછાતવર્ગ ગણી, જાતિ પ્રમાણપત્ર આપી શકાય.

૯.ક્રમાંક:૮૭ ચૌધરી(જયાં તેઓ આદિવાસી ન હોય)

'હિન્દુ આંજણા ચૌધરી' જ્ઞાતિ લખેલ હોય તો 'ચૌધરી'જ્ઞાતિના હોવા અંગેના અન્ય આધાર પુરાવાઓની ચકાસણી કરીને,જાતિ પ્રમાણપત્ર આપી શકાય.

૧૦.ક્રમાંક:૮૦-બ વેડવા વાઘરી

'વેળવા વાઘરી'લખેલ હોય તો પણ તેને'વેડવા-વાઘરી'જ્ઞાતિના ગણી જાતિ પ્રમાણપત્ર આપી શકાય.

૧૧.ક્રમાંક:૯૯ કુંભાર(બિયાર-વરિયા)

સૌરાષ્ટ્ર તેમજ વિવિધ પ્રદેશોમાં આ જ્ઞાતિ વિવિધ અટકો ધરાવે છે.જેથી જેમાં'કુંભાર'અથવા'પ્રજાપતિ'શબ્દનો નિર્દેશ થતો હોય તેવી'સોરઠીયા કુંભાર, ગુર્જર કુંભાર,વાટલીયા કુંભાર,સોરઠીયા પ્રજાપતિ,ગુર્જર પ્રજાપતિ, વાટલિયા પ્રજાપતિ'ને આ જ્ઞાતિના ગણીને અન્ય આધાર પુરાવા આધારે જાતિ પ્રમાણપત્ર આપી શકાય.

૧૨.ક્રમાંક:૧૦૨-કારડીયા-નાડોદા-ભાથી રાજપૂત

'કારડીયા'કે'નાડોદા'લેખેલ હોય પરંતુ જે તે વ્યકિત 'કારડીયા રાજપૂત અથવા'નાડોદા રાજપૂત'હોવાના પુરાવા રજૂ કરે તો તે આધારે જાતિ પ્રમાણપત્ર આપી શકાય.

૧૩.ક્રમાંક:૧૦૪-મિસ્ત્રી,ગુર્જર, મિસ્ત્રી રાઠોડ,મિસ્ત્રી સુથાર

સુથાર,સુતાર,સુથાર ગુર્જર,ગજ્જર સુથાર,ગુર્જર, મિસ્ત્રી સુતાર જેવી જ્ઞાતિ દર્શાવાઈ હોય તો મૂળ આ જ જ્ઞાતિના હોવા અંગે અન્ય આધાર પુરાવા આધારે આ જ્ઞાતિના ગણી સામાજીક શૈક્ષણિક પછાતવર્ગનું જાતિ પ્રમાણપત્ર આપી શકાય.

માંડલ પંચે' મિસ્ત્રી, ગુજર''એમ જ્ઞાતિઓ સુચવેલ છે.જે ક્ષાતિયુકત હોવાથી,વચ્ચેનું અલ્પવિરામ દૂર કરી 'મિસ્ત્રી ગુજર'એવી જ્ઞાતિ ગણવાનો આથી સુધારો કરવામાં આવે છે.

૧૪. ક્રમાંક:૧૦૭-માળી

'માળી રામી'અને 'મારવાડી માળી'એવા શબ્દો વપરાયા હોય તો 'માળી'જ્ઞાતિ હોવાના આધાર પુરાવા રજુ કરે તો પ્રમાણપત્ર આપી શકાય.

૧૫. ક્રમાંક:૧૦૮-મૈયા

'મહીયા'એમ લખેલ હોય પરંતુ 'મૈયા-જ્ઞાતિ હોવાના આધાર પુરાવા રજુ કરે તો તેને''મૈયા''જાતિનું પ્રમાણપત્ર આપી શકાય.

૧૬. કેટલીક જ્ઞાતિઓ માત્ર મુસ્લિમ લોકોની જ જોવા મળે છે. જેથી;

ક્રમાંક:૨૯-અ-જિલાયા(મુસ્લિમ)

ક્રમાંક:૨૯-બ-તરીયા-તાઈ(મુસ્લિમ)

ક્રમાંક:૮૩ - આરબ(મુસ્લિમ)

ક્રમાંક:૧૧૫- સુમરા(મુસ્લિમ)

ક્રમાંક:૧૨૦-તરક(મુસ્લિમ) એ મુજબની જ્ઞાતિ લખાયેલ હોય તો,જે તે મુસ્લિમ જ્ઞાતિ ગણીને,આધાર પુરાવા મેળવી જાતિ પ્રમાણપત્ર આપી શકાશે.

ઉપરની સુચનાઓથી કોઈ નવી જ્ઞાતિ ઉમેરવામાં આવતી નથી.

અનુ.જાતિ અથવા અનુ.જનજાતિમાં સમાવેશ થતો હોય તેવી જ્ઞાતિઓની વ્યકિતને સમાનઅર્થી પેટાજ્ઞાતિને લીધે,સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ તરીકેનું જાતિ પ્રમાણપત્ર આપવામાં ન આવે તેની પણ કાળજી રાખવા સુચના છે.

આ સુચનાઓ,સંબંધિત તમામ અધિકારીઓના ધ્યાને લાવવા પણ વિનંતી છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આર.વી.સુથાર)
સંકશન અધિકારી,
સમાજકલ્યાણ વિભાગ.

પ્રતિ,
રાજ્યપાલશ્રીના સચિવશ્રી,ગાંધીનગર.

--૬--

26 AUG 1994

મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી,ગાંધીનગર.

નાયબ મુખ્યમંત્રીશ્રીઓના સચિવશ્રીઓ,ગાંધીનગર.

સર્વે મંત્રીશ્રીઓ/રાજયકક્ષાના મંત્રીશ્રીઓના સચિવશ્રી,ગાંધીનગર.

સર્વે સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી

સામાન્ય વહિવટ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

નાણાં વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

શિક્ષણ વિભાગ,સચિવાલય,ગાંધીનગર.

સચિવાલયના અન્ય વિભાગો.

એકાઉન્ટન્ટ જનરલ,ગુજરાત રાજય,અમદાવાદ/રાજકોટ.

પગાર અને હિસાબી અધિકારી,અમદાવાદ/ગાંધીનગર.

નિવાસી ઓડિટ અધિકારીશ્રી,ગાંધીનગર.

x અન્ય પછાતવર્ગો માટેનું પંચ,ગાંધીનગર.

x સચિવશ્રી,ગુજરાત જાહેર સેવા આયોગ,ગાંધીનગર.

x રજીસ્ટ્રારશ્રી,ગુજરાત હાઈકોર્ટ,અમદાવાદ.

x સચિવશ્રી,તકેદારી આયોગ,ગાંધીનગર.

x સચિવશ્રી,ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ,અમદાવાદ.

x સચિવશ્રી,ગુજરાત વિધાનસભા,સચિવાલય,ગાંધીનગર.

x સચિવશ્રી,ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,ગાંધીનગર.

સમાજકલ્યાણ વિભાગ હસ્તકના તમામ ખાતાના વડાઓ/બોર્ડ/કોપોરેશન.

નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતુ,જુના સચિવાલય,ગાંધીનગર.

સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ.
સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.

સર્વે જિલ્લા સમાજકલ્યાણ અધિકારીશ્રી(વિ.જા)

સર્વે મામલતદારશ્રી
વિભાગની તમામ શાખાઓ.
સિલેકટ ફાઈલ.અ-શાખા,સમાજકલ્યાણ વિભાગ.

---

* પત્રસાથે